ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮ / ૨૨૦૨૨૮
૨૩૦૮૦૮ / ૨૨૧૩૪૭
web : www.dpthakker.com
Email : dptco123@gmail.com

ડી. પી. ઠક્કર એન્ડ કું.
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલ્ટન્ટ
'શ્રીકુંજ', સ્ટેશન રોડ, પાટણ

તારીખ : ૨૨-૦૩-૨૦૨૪

ભાઈશ્રી,

ચાલુ નાણાકીય વર્ષ F.Y. ૨૦૨૩-૨૪ પૂરું થવામાં છે. ત્યારે ઈન્કમટેક્ષ કાયદામાં ચાલુ વર્ષથી અમલી MSME કાયદા હેઠળ નોંધાયેલા વેપારીઓ માટેની સ્પેશીયલ જોગવાઈ ઓ ની માહીતી ફરીથી આ સરક્યુલર માં નીચે આપેલ છે. અગાઉ આ માહીતી અમે તા. ૧૭-૦૧-૨૦૨૪ નાં સરક્યુલર માં આપેલી.

(૧) MSME એટલે કે માઈક્રો સ્મોલ & મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલોપમેન્ટ એક્ટ હેઠળ રજિસ્ટર્ડ થયેલાં Micro તથા Small કેટેગરીમાં આવતાં વેપારીઓને તેમની પાસેથી ખરીદેલાં માલ કે સર્વિસ ના પેમેન્ટ અંગે નો આ કાયદો છે. Micro તથા Small કેટેગરી એટલે રૂ. ૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં અને પ્લાન્ટ અને મશીનરીમાં ૧૦ કરોડ સુધીનું રોકાણ ધરાવતાં વેપારીઓ.

(૨) આ કાયદો MSMED એક્ટ હેઠળ નોંધાયેલ વેપારી કે જેઓ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટી કરે છે કે કોઈ સર્વીસ પ્રોવાઈડ કરે છે તેવા વેપારીઓ નું પેમેન્ટ કરવામાં લાગુ પડે છે. એટલે કે ફક્ત ટ્રેડીંગ કરતાં વેપારીઓ જેઓ MSMED ACT હેઠળ નોંધાયેલા છે. તેવા વેપારીઓ ને તેમની પાસેથી ખરીદેલા માલનું કે સર્વીસનું પેમેન્ટ કરવામાં આ કાયદો લાગુ પડતો નથી.

(૩) જીરૂ, વરીયાળી, તલ વીગેરે મસાલા આઈટમો ને ક્લીનીંગ કરી કે સોર્ટેક્ષ કરીને વેચવામાં આવે તે MSMED ACT હેઠળ મેન્યુફેક્ચર ગણાતું નથી. એટલે આવી પ્રવૃતી કરતાં વેપારીઓ પણ ટ્રેડીંગ જ કરે છે તેમ ગણાય અને તેમની પાસેથી ખરીદેલાં માલનું પેમેન્ટ કરવામાં આ કાયદો લાગુ પડતો નથી.

D.P. THAKKER & CO.

(૪) આ કાયદાની જોગવાઈ મુજબ મેન્યુફેક્ચરર તથા સર્વીસ આપતા વેપારીઓ જેઓ આ કાયદા હેઠળ નોંધાયેલા છે. તેમની પાસેથી કરેલી ખરીદી કે મેળવેલ સર્વીસ નું પેમેન્ટ ખરીદ તારીખ થી ૧૫ દીવસ માં કરવું ફરજીયાત છે. અને જો લેખીત એગ્રીમેન્ટ કરીને આવું પેમેન્ટ ૪૫ દીવસ માં આપવાનું નક્કી કરેલ હોય તો ૪૫ દીવસ માં પેમેન્ટ આપવું પડે. જો પેમેન્ટ આ સમય મર્યાદા માં આપવામાં ન આવે તો તેના ઉપર વ્યાજ ચુકવવું પડે. (સામેની પાર્ટી માંગે તો)

(૫) આવી પાર્ટી પાસેથી કરેલ ખરીદી કે મેળવેલ સર્વીસ નું પેમેન્ટ તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી માં કરવામાં ન આવે અને ૪૫ દીવસ નો સમય પૂરો થઈ ગયેલ હોય તો આવી પાર્ટીના પેમેન્ટની રકમ જે સરવૈયામાં બાકી બોલતી હોય તે ચાલુ વર્ષ F.Y. ૨૦૨૩-૨૪ ની આવક તરીકે ગણાશે. અને પછીના વર્ષમાં કે જયારે પેમેન્ટ આપો તે વર્ષમાં તે ખર્ચ તરીકે બાદ મળશે.

(૬) આવી પાર્ટી પાસેથી માર્ચ એન્ડીંગમાં કરેલ ખરીદી કે મેળવેલ સર્વીસનું પેમેન્ટ તારીખ. ૩૧-૦૩-૨૦૨૪ નાં રોજ બાકી હોય અને પેમેન્ટ ખરીદ તારીખ થી ૧૫ દીવસમાં કે લેખીત એગ્રીમેન્ટ હોય તો ૪૫ દીવસમાં કરેલું હોય તો તે રકમ F.Y. ૨૦૨૩-૨૪ ની આવકમાં ઉમેરાશે નહીં.

(૭) કોન્ટ્રકટનો ધંધો કરતા વેપારીઓએ  આ કાયદા હેઠળ નોધાયેલા સબ કોન્ટ્રાક્ટર કે લેબર કોન્ટ્રાક્ટર પાસેથી સર્વીસ મેળવીને બીલ લીધેલ હોય તેનું પેમેન્ટ તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ ૪૫ દીવસ થઈ ગયા હોય અને જો બાકી ખેંચાતું હોય તો આવા બાકી પેમેન્ટની રકમ F.Y. ૨૦૨૩-૨૪ ની આવક ગણાશે. તેવીજ રીતે જો માર્ચ એન્ડીંગમાં સર્વીસ લીધાનું બીલ આવેલ હોય જેના પેમેન્ટનો ૧૫ દીવસ કે ૪૫ દીવસનો ટાઈમ પીરીયડ તા. ૩૧-૦૩-૨૦૨૪ પછી પુરો થતો હોય તો તે સમયમાં તેનું પેમેન્ટ કરી દેવું પડે જો લેટ પેમેન્ટ કરવામાં આવે તો ચાલુ વર્ષની આવકમાં ગણાઈ જાય.

કુશળ હશો.

લી.

ધીરુભાઈ – કનુભાઈ - પિયુષભાઈ – નિખિલભાઈ

D.P. THAKKER & CO.